# સૌરાષ્ટ્રમાં ચોમાસુ જોરદાર સક્રિય : ચેતવણી અકબંધ છે

અમદાવાદ, તા.૧૭

સૌરાષ્ટ્ર-કચ્છ પર મોનસુન જોરદારરીતે સક્રિય થયેલું છે જેના પરિણામ સ્વરુપે અતિભારે વરસાદ સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારમાં થઇ રહ્યો છે. ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આગામી પાંચ દિવસ માટે અકબંધ રાખવામાં આવી છે. ભારે વરસાદની સ્થિતિ વચ્ચે એનડીઆરએફની ૨૦ ટીમો સક્રિય છે અને બીજી પાંચ ટીમો મંગાવવામાં આવી રહી છે. ઉભી થયેલી સ્થિતિ વચ્ચે તંત્ર હાઈએલર્ટ ઉપર છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. હવામાન ખાતાએ આગામી ૨૪ કલાકમાં આ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરતાં સ્થાનિક પ્રજાજનો ચિંતામાં મૂકાયા છે ત્યારે બીજીબાજુ, તંત્રને એકદમ હાઈએલર્ટ પર રખાયું છે. હવામાન ખાતા દ્વારા ગુજરાત રાજ્યમાં આવતા ૨૪ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના પંથકો ઉપરાંત દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહેસાણા, અરવલ્લી, અમદાવાદ, ખેડા, વડોદરા, આણંદ, ડાંગ, તાપી, ભરુચ, નર્મદા તેમજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ, અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની પૂરી શકયતા છે. રાજયમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્રને હાઈએલર્ટ કરી દેવાયું છે. રાજયમાં વધુ વરસાદની શક્યતાને જોતા રાહત અને બચાવ કામગીરી માટે હાલ એનડીઆરએફની પાંચ ટીમ સહિતની રાહત-બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, વધુ પાંચ ટીમો પણ ગુજરાતમાં આવી રહી છે. એનડીઆરએફની ટીમો રાજયભરમાં મદદ માટે તૈયાર રાખવામાં આવી છે. પુણેથી વધારાની ટીમ પણ મંગાવવામાં આવી છે.



## ભિલોડામાં ઓરી, રૂબેલા રસીકરણનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત જન સેવા અંગ્રેજી,ગુજરાતી મીડીયમ સ્કુલમાં ઓરી,રૂબેલા રસીકરણ વિદ્યાર્થીઓને આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.જન સેવા સંઘના કમલેશભાઈ મહેતા,જન સેવા અંગ્રેજી,ગુજરાતી મીડીયમ સ્કુલ આચાર્ય સુમિત્રાબેન કટારા,બી.એસ.ઝાલા,ર્ડા.હાર્દિક કે.પરમાર,ર્ડા.યાસીન મનસુરી સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.ઓરી અને રૂબેલા નામના વાયરસથી ફેલાતા ચેપી રોગને અટકાવવા આરોગ્ય વિભાગના રસીકરણ અભિયાન અંતર્ગત તમામ વિદ્યાર્થીઓને આવનાર સમયમાં કોઈ પણ જાતના રોગનો ભોગ ન બને તે માટે ઓરી,રૂબેલા રસીકરણ કરવામાં આવ્યું હતું.

# ખેડબ્રહ્મા નગરપાલિકાના બે સદસ્યોને ભરતીને પગલે રજૂઆત

ખેડબ્રહ્મા, તા. ૧૭

પાલિકાના ૩૦ જેટલા સફાઇ કામદારોએ એસટી કામદારને રાખવા ચૂંટાયેલા સદસ્યો દ્વારા દબાણ કરાતા જિલ્લા મ્યુનિ. ચૂંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા નગરપાલિકામા સફાઈ કર્મચારીની ૪ જગ્યાઓ ખાલી પડતાં આ જગ્યાઓ ભરવા માટે પાલિકાએ અરજીઓ મંગાવી હતી. જેમાં ૧ એસ.ટી.સફાઈ કર્મચારીને નોકરી રાખવા નગરપાલિકાના ૨ ચૂંટાયેલા સદસ્યોએ ચીફ ઓફિસરને દબાણ કરેલ તેથી નારાજ સફાઈ કર્મચારીઓએ આ બંને સદસ્યોને હોદ્દા પરથી દૂર કરવા જિલ્લા મ્યુનિ ચૂંટણી અધિકારીને લેખિતમાં રજૂઆત કરી છે.

ખેડબ્રહ્મા નગરપાલિકા સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતા મકવાણા વિનોદભાઈ વિઠ્ઠલભાઈ સહિત અન્ય ૨૯ કર્મચારીઓએ જિલ્લા મ્યુનિ. ચૂંટણી અધિકારીને કરેલી લેખિત રજૂઆત જણાવ્યા મુજબ ૪ સફાઈ કર્મચારીની ભરતી કરવા માટે જાહેરાત દ્વારા પાલિકાએ અરજીઓ મંગાવી હતી. જેમાં કુલ ૧૫ અરજીઓ આવી હતી. તેમને ૨૫ જૂનના રોજ મૌખિક ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવ્યા હતા.

જેમાં એસ.ટી સફાઈ કર્મચારી તરીકે ૫ અરજીઓ આવેલ જેમાં રાહુલભાઈ કંચનભાઈ વસાવાને પણ ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવ્યા હતા. આ રાહુલભાઈને સફાઈ કર્મચારી તરીકે નોકરીએ રાખવા પાલિકાના ચૂંટાયેલા સદસ્યો વસાવા નવીનભાઈ અભેસિંહ અને વસાવા રણછોડભાઈ બચુભાઈ દ્વારા ચીફ ઓફિસર ઉપર દબાણ કરી રાહુલભાઈને નોકરીએ રાખવામાં નહીં આવે તો અમે હોદ્દા પરથી રાજીનામું આપી દઈશુ. એવી ચીફ ઓફિસરને લેખિતમાં જાણ કરી હતી. સફાઈ કર્મચારી વિનોદભાઈ મકવાણા તથા અન્યના જણાવ્યા અનુસાર આ ઈસમ વાલ્મિકી સમાજના નથી તથા તેને સફાઈ કામનો કોઈ અનુભવ નથી તેમ છતાં આ ચૂંટાયેલા સદસ્યો દ્વારા હોદ્દાનો દુર ઉપયોગ કરી તેમણે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૭ અને ૩૮ હેઠળ હોદ્દા પરથી દૂર કરવાની માગણી કરી છે.

આ અંગે પાલિકાના પ્રમુખ ઝલકબેન પટેલ, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર અને કારોબારી ચેરમેન ધર્મેન્દ્રભાઈ મહેતાના જણાવ્યા અનુસાર સફાઈ કર્મચારી ખાલી જગ્યા માટે બિન અનામત વર્ગની ૨ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની ૧ અને એસ.ટી.ની ૧ મળી કુલ ચાર જગ્યાઓ ભરવાની થતી હતી. જેમાં બિન અનામત ૯, એસ.ટી. ૨ સફાઈ કર્મચારી ઉમેદવારો હાજર રહ્યા હતા. હજુ કોઈ પણ સફાઈ કામદારને કોલ લેટર આપવામાં આવેલ નથી. પાલિકા દ્વારા નિર્ણય કરીને પ્રદીશિકકક્ષાએ બહાલી માટે મોકલવામાં આવશે અને બહાલી મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

# રાજ્યમાં મેઘમહેર જારી

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદ જારી રહ્યો છે. રાજ્યના ૧૧૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. ચાર ઈંચથી લઈને ૨૦ ઈંચ સુધીનો વરસાદ ૨૪ કલાકમાં નોંધાયો છે.

### ૨૧થી વધુ તાલુકામાં ૪થી ૧૧ ઇંચ વરસાદ ખાબક્યો

રાજ્યના જાફરાબાદ તાલુકામાં ૨૮૪ મિમી એટલે કે ૧૧ ઈંચ, સુત્રાપાડામાં ૨૪૫ મિમી એટલે કે ૧૦ ઈંચ જેટલો, ધરમપુરમાં ૨૨૫ મિમી એટલે કે ૯ ઈંચ, વલસાડમાં ૨૧૭ મિમી, વઘઈમાં ૨૦૦ મિમી, પારડીમાં ૧૯૮ મિમી મળી કુલ ત્રણ તાલુકાઓમાં ૮ ઈંચ, ખેરગામમાં ૧૯૫ મિમી, રાજકોટમાં ૧૮૭ મિમી, રાજુલા અને તળાજામાં ૧૭૫ મિમી મળી કુલ ચાર તાલુકાઓમાં ૭ ઈંચ, મહુવામાં ૧૮૬ મિમી, વેરાવળમાં ૧૪૯ મિમી મળી મળી કુલ બે તાલુકામાં ૬ ઈંચ, ચોટીલામાં ૧૪૩ મિમી, કપરાડામાં ૧૩૪ મિમી અને મોરબીમાં ૧૨૮ મિમી મળી કુલ ત્રણ તાલુકાઓમાં ૫ ઈંચ, કાલાવડમાં ૧૨૦ મિમી, ભરૂચમાં ૧૧૨ મિમી, વાંકાનેરમાં ૧૧૦ મિમી, તાલાલા અને વાપીમાં ૧૦૬ મિમી, બોટાદમાં ૧૦૨ મિમી મળી કુલ છ તાલુકાઓમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

### ૧૫ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ થયો

વાંસદા તાલુકામાં ૯૭ મિમી, લોધીકા અને આણંદમાં ૯૬ મિમી, વાગરામાં ૯૩ મિમી પડધરીમાં ૯૧ મિમી, ખાંભામાં ૯૦ મિમી, વડીયામાં ૮૮ મિમી, માંગરોળમાં ૮૭ મિમી, શિહોરમાં ૮૪ મિમી, વીંછીયામાં ૮૩ મિમી, ચીખલીમાં ૮૨ મિમી, ગોંડલમાં ૮૦ મિમી, ઘોઘામાં ૭૯ મિમી, ભાવનગરમાં ૭૭ મિમી, ડોલવણમાં ૭૬ મિમી મળી કુલ ૧૫ તાલુકાઓમાં ૩ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો હતો.

### ૨૭ તાલુકામાં બે ઇંચથી વધુ મેઘમહેર રહી

જયારે દાંતામાં ૭૨ મિમી, કોટડા-સાંગાણીમાં ૭૦ મિમી, નવસારીમાં ૬૯ મિમી, ગઢડામાં ૬૮ મિમી, રાણપુરમાં ૬૭ મિમી, ચુડામાં ૬૫ મિમી, થાનગઢ અને ઉમરાળામાં ૬૪ મિમી, ટંકારા અને વીસાવદરમાં ૬૩ મિમી, વલ્લભીપુરમાં ૬૨ મિમી, ખેડામાં ૬૧ મિમી, જામકંડોરણામાં ૬૦ મિમી, માળીયા-મીયાણામાં ૫૯ મિમી, પાલીતાણા અને ઉમરપાડામાં ૫૮ મિમી, લાઠી અને જલાલપોરમાં ૫૭ મિમી, ધ્રોલ અને કુતિયાણામાં ૫૬ મિમી, નડિયાદ અને ગણદેવીમાં ૫૫ મિમી, મૂળી અને કરજણમાં ૫૪ મિમી, વડોદરામાં ૫૩ મિમી, કેશોદમાં ૫૨ મીમી, ખંભાતમાં ૫૧ મિમી, હાલોલમાં ૫૦ મીમી મળી કુલ ૨૭ તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને અન્ય ૫૧ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.



ગાંધીનગર સાંસ્કૃતિક શહેર હોવાની સાથે સાથે સંવેદનશીલ શહેર પણ છે. આ વાતનો પુરાવો ગઈકાલે સેક્ટર-૨૬ પાસે મુખ્ય માર્ગ પર એક બિમાર ગર્ભવતી ગાયની જીવદયાપ્રેમી નાગરિકોએ કરાવેલી પ્રસુતિ પરથી મળી આવે છે. જીવદયા પ્રેમીઓની આ સેવાને કારણે બિમાર ગાયે એક સ્વચ્છ વાછરડાંને જન્મ આપ્યો હતો.

# નર્મદાના નીર આજથી કેનાલ દ્વારા મળી રહેશે

અમદાવાદ, તા. ૧૭

નાયબ મુખ્યમંત્રી અને નર્મદા મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાત સહિત અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જ્યાં વરસાદ ઓછો થયો છે ત્યાં ખેડૂતોને વાવણીમાં મદદરુપ થવા માટે સરદાર સરોવર ડેમમાંથી નર્મદાની મુખ્ય કેનાલમાં આવતીકાલથી પાણી છોડવામાં આવશે અને જ્યાં વરસાદ નથી થયો ત્યાં આ પાણી મળતા ખેડૂતોને ઝડપથી પિયતની સુવિધા મળતી થઈ જશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ઉત્તર ગુજરાત સહિત અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને પિયતની સુવિધા માટે સત્વરે પાણી મળી રહે તે માટે રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. આ નર્મદાના નીર આવતીકાલથી જ કેનાર મારફત આપવાનું શરૂ કરાશે. એ જ રીતે સુજલામ સુફલામ કેનાલ દ્વારા પણ ખેડૂતોને પિયતની સુવિધા પુરી પાડવા માટે આવતીકાલથી જ સુજલામ સુફલામ કેનાલોમાં પણ પાણી છોડવાનો નિર્ણય કરાયો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# બચાવ-રાહત કામગીરી તીવ્ર કરવા માટે રૂપાણીની સૂચના

અમદાવાદ, તા.૧૭

રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પૂરની સ્થિતિ



સર્જાયા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે એરફોર્સના હેલિકોપ્ટરમાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. જો કે, પહેલી વાર પ્લેનનું લેન્ડિંગ ન થઈ શકતા તેમણે એરફોર્સના હેલિકોપ્ટરની મદદ લેવી પડી હતી. એરફોર્સના હેલિકોપ્ટરની મદદથી તેઓ પૂરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચી શક્યા હતા. પરંતુ આ મુલાકાત દરમ્યાન રાજકોટના જેતપુર ખાતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હેલિકોપ્ટરનું ખરાબ હવામાનના કારણે ઈમરજન્સી લેન્ડીંગ કરવાની ફરજ પડી હતી.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાત લઇ અને ત્યાંની પરિસ્થિતિનું નીરીક્ષણ અને સમીક્ષા કર્યા બાદ મુખ્યમંત્રીએ અન્ય મંત્રીઓને પણ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈ મદદ કરવા માટે નિર્દેશ કર્યો હતો. સાથે સાથે તંત્રના અધિકારીઓને અસરકારક અને ત્વરિત રીતે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા સૂચનાઓ જારી કરી હતી. આજે સવારે મુખ્યમંત્રી રૂપાણી ગીર સોમનાથ જિલ્લામાં પૂરની સ્થિતિની સમીક્ષા કરવા માટે રવાના થયા હતા, પરંતુ ભારે વરસાદને કારણે કેશોદ એરપોર્ટ પર તેઓ લેન્ડિંગ કરી શક્યા નહોતા અને ગાંધીનગર જવા માટે રવાના થઈ ગયા હતા. પરંતુ ત્યારબાદ તેઓ એરફોર્સના હેલિકોપ્ટર દ્વારા અમદાવાદ એરપોર્ટથી રવાના થયા હતા. આ દરમિયાન મુખ્યમંત્રી સાથે રાજ્યના મુખ્ય સચિવ ડો. જે. એન સિંહ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા. મુખ્યમંત્રીએ જિલ્લાના વહીવટી તંત્ર સાથે ચર્ચા કરીને પૂરની સ્થિતિ તથા બચાવ અને રાહત કાર્યની સમીક્ષા કરી હતી. રાજ્યના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ચાર દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે ત્યાંના વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સૌરાષ્ટ્રમાં ખાસ તો ગીર સોમનાથ જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, જેને કારણે અહીં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી તેમ જ ભાવનગરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે તેમ જ પાણી ભરાઈ જવાના કારણે કેટલાક રસ્તાઓ પણ બંધ કરવામાં આવ્યા છે. ચોમેર પાણીથી ઘેરાઈ ગયેલાં કેટલાક ગામો પણ સંપર્કવિહોણા બન્યાં છે ત્યારે મુખ્યમંત્રીએ આજે જાતે હવાઈ નીરીક્ષણ કરી સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને જરૂરી નિર્દેશો તંત્ર અને અધિકારીઓને આપ્યા હતા.

# ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧૭

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે ચિલોડા હોમગાર્ડ સબ યુનિટ દ્વારા



મધ્યસ્થીકરણ અવેરનેસ અંગે એક કાનૂની શિક્ષણ શિબિર બ્રહ્માકુમારી મેડીટેશન સેન્ટર, ચિલોડા સેવા કેન્દ્રના હોલમાં તાજેતરમાં આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાનૂની શિબિરમાં પેરાલીગલ વૉલન્ટીયર અને ટ્રેઈન્ડ મિડિયેટર સુધીર દેસાઈએ મિડિયેશન એટલે કે મધ્યસ્થીકરણ-સમાધાનના માર્ગ દ્વારા કોર્ટ કેસોના સુખદ નિરાકરણ વિશે વિસ્તૃતપણે હાજર રહેલ ૭૫ જેટલા હોમગાર્ડઝ જવાનોને માહિતી આપી હતી.

શિબિરના મુખ્ય મહેમાનપદે ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકીએ જવાનોને મિડિયેશન પદ્ધતીનો વધુને વધુ લાભ જરૂર પડે લેવા અનુરોધ કર્યો હતો. બ્રહ્માકુમારી દીદી મીરાબહેન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને આશીર્વચનો સાથે આધ્યાત્મિક રીતે પણ કોઈપણ વિવાદનું નિરાકરણ સમાધાન દ્વારા અતિ સરળ માર્ગ છે તે ખૂબ સારી રીતે સમજાવ્યુ હતુ. આ ઉપરાંત વિશેષ ઉપસ્થિતિમાં પી.એલ.વી. નટુભાઈ પટેલે કોર્ટની આ સમાધાન રીતરસમ અપનાવવા સહુને અનુરોધ કર્યો હતો.

## ટીમ કાર્યરત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંભાળતી એજન્સી પણ કન્ટ્રોલ રૂમમાં ઓન સ્કીન બંધ રહેતી સ્ટ્રીટ લાઈટોનુ મોનીટરીંગ કરીને ફરિયાદોનો નિકાલ કરે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સવાર થી રાત્રિના ૮ : ૩૦ વાગ્યા સુધી સ્ટ્રીટ લાઈટની ફરિયાદ દુર કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી હોવાનુ પણ તંત્રના અધિકારીઓ જણાંવી રહયા છે.

## સોનું જપ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેયાદુરાઈ દ્વારા પ્રચાર કંપની અનેક મોટી રાજ્ય યોજનાઓમાં સામેલ રહ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે, કરચોરીના સંદર્ભમાં માહિતી મળ્યા બાદ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કલાકોના ગાળામાં જ ૮૦ કરોડ રૂપિયા રોકડ મળી ગયા હતા. આઈટી વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, ચેન્નાઈમાં ગ્રુપ ડિરેક્ટર્સની ઓફિસમાં અને ઘરમાં દરોડા પાડ્યા બાદ નોટના બંડલો મળી આવ્યા હતા. સોનાના દાગીનાઓ ઉપરાંત સોનાના બિસ્કીટ પણ મળી આવ્યા છે. તાજેતરમાં જ ટીટીવી દિનાકરણ શિવિર અને ડીએમકે દ્વારા હાઈવે કોન્ટ્રાક્ટમાં મોટાપાયે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેઓએ આ સોદાબાજીમાં અન્નાદ્રમુકના નેતાના નજીકના સાથીઓની સંડોવણી હોવાની વાત કરવામાં આવી હતી. અભૂતપૂર્વ પ્રમાણમાં રોકડ રકમ મળી આવ્યા બાદ હજુ પણ તપાસ ચાલી રહી છે.

## સ્થિતિની સમીક્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં જરૂરી માહિતી મેળવી હતી. કેશોદથી તેમનો કાફલો વેરાવળ પહોંચ્યો હતો. કલેક્ટર ઓફિસમાં થોડાક સમય સુધી બેઠક ચાલી હતી. બીજા બાજુ ગીર સોમનાથ જીલ્લો છેલ્લા એક અઠવાડિયાથી મેઘ મહેર તરબોળથી ભીંજાઈ રહ્યો છે. ગીર-સોમનાથ જીલ્લામાં આજે સવારના ૬ થી સાંજના ૬ સુધી પડેલ વરસાદ વેરાવલ ૨૪ મીમી, તલાલા ૮૪ મી.મી સુત્રાપાડા ૪૦ મી.મી, કોડીનાર ૬૫ મી.મી ઊના ૨૭૯ મીમી, ગીરગઢડા ૩૬૪ મીમી અને હજુ પણ ધીમીધારે વરસાદ ચાલુ છે. હિરણ-૨ ડેમ ઉપર ૫૭૭ મીમી વરસાદ પડેલ છે અને ડેમના ચાર દરવાજા આજે સવારે ૧૦.૧૫ કલાકે અડધો-અડધો ફુટ એટલે ૦.૧૫ મીટર ખુલવામાં આવ્યા હતા અને ૪૬.૩૧ ક્યુસેક પાણીનો જથ્થો વહેતો કરાયો હતો. નીચાણવાળા વિસ્તારોને સલામતીની જાણ કરવામાં આવી હતી. ત્રિવેણી સરસ્વતી નદી હિરણમાં જોરદાર પુર આવતા લોકોના ટોળા પુર જોવા ઉમટ્યા હતા.

## ગુલમહોર ● ચોથા પાનાનું ચાલું

હિંમતસિંહ બોલ્યો હતો કે "સાહેબ, હું એક સાચો સિસોદીયા રાજપૂત છું. હું જે બોલીશ એ અચૂક પાળીશ. સાહેબ, આજથી જ બધા ખોટા ધંધા બંધ. મને માફ કરો. હવે હું શાંતિની જિંદગી જીવવા માગું છું."

જો કે ધરપકડ બાદ બૂટલેગર તરીકે છ મહિનાનો કારાવાસ તો તેણે વેઠવો જ પડ્યો. જેલમાંથી છુટીને બહાર આવ્યા પછી તેણે પહેલું કામ કર્યું પોલીસ અધિકારી વિકાસ કદમને મળવાનું. તેમના માર્ગદર્શન અનુસાર હિંમતસિંહે પોલીસ ખાતાના જુદા જુદા વિભાગો, પોલીસ સ્ટેશનો વગેરે સ્થળોએ કાનૂની માર્ગદર્શન અનુસાર જાણ કરી દીધી કે "મારું નામ-સરનામું અને કાયમી સરનામું તથા ટેલિફોન નંબરો, મોબાઈલ નંબરો વગેરે સંપર્કસૂત્ર આ મુજબ છે. હવે મેં ગેરકાયદે વિદેશી શરાબનો ધંધો બંધ કરી દીધો છે. છતા કોઈ પણ વ્યક્તિ ખોટી રીતે જો મારું નામ સંડોવે તો મને જાણ કરવા વિનંતી છે. હું સામેથી પોલીસ સમક્ષ હાજર થઈ જવાની ખાતરી, બાંયધરી આપું છું."

આમ થોડા સમય પહેલા ગેરકાયદે વિદેશી શરાબના ધંધામાં સમગ્ર રાજ્યમાં જેની ધાક હતી તેણે પોતાની માયાજાળ સંકેલી લીધી હતી. ઉમદા પોલીસ અધિકારીની સમજાવટ રંગ લાવી હતી અને ગુનેગાર ખોટા રસ્તેથી વળીને ઘરે પાછો ફર્યો હતો. વીસ વર્ષની નવજવાન ઉંમરે જાણે અજાણે જેલમાં પહોંચી ગયેલા એક યુવાનની જિંદગીમાં જેલવાસ કેવા ટર્નિંગ પૉઈન્ટ લાવે છે, એ હિંમતસિંહનું હૃદય જ જાણે છે. જ્યારે પહેલીવાર જેલમાંથી પચ્ચીસ વર્ષનો યુવાન બહાર આવે છે ત્યારે સમાજે તેનો સ્વીકાર ન કર્યો અને તેની જિંદગીનો રાહ બદલાઈ ગયો.

આજે હિંમતસિંહના ધંધાના સ્થળે અને ગોડાઉન ઉપર ટ્રકોમાંથી માલ ઉતરે છે ખરો પણ એમાં શરાબ નથી, સ્ટીલ સ્કેપનો સામાન છે. હવે તે સ્ટીલ સ્કેપનો જથ્થાબંધ વેપારી છે. ઘરની નજીકના પ્રાચીન શિવાલયના જીર્ણોદ્ધારમાં રસ લઈને અઢળક ગુપ્તદાન કર્યું છે. સ્થાનિક યુવાનો માટે સરસ મજાનું જિમ્નેશિયમ બનાવી આપ્યું છે. સમગ્ર વિસ્તાર માટે એક લાયબ્રેરી પણ બનાવી આપી છે. જરુરીયાતમંદ દર્દીઓની સારવાર-દવાઓનો ખર્ચ તે ઊપાડી લે છે. તેની આંખોમાં એક જ વાત વાંચી શકાય છે: "જો બીત ગયા, એક સપના થા."

## અનરાધાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહુવા, તળાજા સહિતના પંથકોમાં અતિ ભારે વરસાદ નોંધાયો છે. રાજયમાં સૌથી વધુ વરસાદ ગીરસોમનાથ જિલ્લામાં ૨૪ કલાકમાં ૨૦ ઈંચથી વધુ, ઉનામાં પણ ૨૦ ઈંચથી વધુ જયારે કોડિનાર અને માણાવદરમાં અનુક્રમે ૧૩ ઈંચ અને ૧૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાના રૌદ્ર સ્વરૂપને લઈ સર્વત્ર જળબંબાકાર અને બેટની પરિસ્થિતિ સર્જાયેલી છે. હજારો લોકોનું સ્થળાંતર કરાવાયું છે તો, સેંકડો લોકોને એનડીઆરએફ સહિતની બચાવ ટીમોએ બચાવ્યા હતા.

રાજયના ૨૦૦ જેટલા ગામોમાં વરસાદી અતિવૃષ્ટિને પગલે વીજળીનો પુરવઠો ખોરવાઈ ગયો છે અને આ ગામોમાં અંધારપટ છવાયેલો છે. પીજીવીસીએલના ૧૨૮થી વધુ ફિડરો બંધ કરાતા ભારે હાલાકી સર્જાઈ છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદી અતિવૃષ્ટિને પગલે નદી-નાળા અને ડેમોમાં નવા નીરની આવક થઈ છે અને તેમાંના ઘણા છલકાતાં રાજકોટ જેતપુરના ભાદર-૧ ડેમ, ભાદર-૨ ડેમ, અમરેલીમાં કુકાવાવનો સોનલ ડેમ, જામગનરના નિકોવા ખાતેનો ઉંડ-૪, જૂનાગઢના કોસાવાનો સાબરી ડેમ સહિતના ડેમોના દરવાજા ખોલવાની ફરજ પડી હતી, તો કેટલીયે નદીઓમાં ઘોડાપૂર આવતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. ગીર-સોમનાથ, ઉના, રાજકોટ, અમરેલી, જૂનાગઢ, જામનગર સહિતના પંથકોની કેટલીક નદીઓમાં ઘોડાપૂર આવતાં આસપાસના ગામો અને વિસ્તારોમાંથી અસરગ્રસ્ત લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. ગીરસોમનાથના વાંસોદ ગામે છાતી સમા પાણી ભરાઈ ગયા હતા અને ગામ આખું પાણીમાં ગરકાવ બન્યું હતું.

ગામમાં ગર્ભવતી મહિલાને બચાવી લેવાઈ હતી. તો, રાજકોટમાં ભૂપગઢ ગામેથી વરસાદી પાણીમાં તણાયેલા યુવકનો મૃતદેહ ૧૮ કલાક બાદ એનડીઆરએફની ટીમને હાથ લાગતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. અતિ ભારે વરસાદના કારણે ફાસરિયા અને ખેરા ગામ બેટમાં ફેરવાયા હતા. વરસાદી અતિવૃષ્ટિથી પીજીવીસીએલ (પશ્ચિમ ગુજરાત વીજકંપની લિ.)ને ભારે નુકસાન થયું છે. ખાસ કરીને તેના સબસ્ટેશન અને ફિડરોને નુકસાન પહોંચતા વીજપુરવઠો ખોરવાયો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ ખાબક્યો હતો અને હજુ પણ વરસી રહ્યો છે. આ સાથે રાજ્યના ૧૧૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં ૪થી લઈને ૨૦ ઈંચ સુધીનો વરસાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ૧૧૫ તાલુકામાં ખાબક્યો છે. આ સાથે જ રાજ્યનો ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૦થી ૭૩ ટકા જેટલો થયો છે. જેમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ૫૭.૨૭ ટકા નોંધાઈ ચૂકયો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ આજે તા.૧૭ જુલાઈને સવારે ૭ કલાક સુધી રાજ્યના કુલ ૨૪ તાલુકાઓમાં

ચાર ઈંચથી લઈ વીસ ઈંચ સુધીનો અતિ ભારે વરસાદ નોંધાયો હતો. જેમાં ગીર-સોમનાથ જિલ્લાના ગીરગઢડામાં ૪૯૬ મિમી એટલે કે ૨૦ ઈંચ, ઉના તાલુકામાં ૩૫૦ મિમી એટલે કે ૧૪ ઈંચ અને કોડીનાર તાલુકામાં ૩૩૦ મિમી એટલે કે ૧૩ ઈંચથી વધુ વરસાદ ખાબકયો હતો. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘકહેરને પગલે ૧૫ જેટલી એનડીઆરએફની ટીમો અને અન્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતની રાહત અને બચાવ ટીમો કાર્યરત કરાઈ છે. જયારે રાજયના અન્ય વિસ્તારો માટે એનડીઆરએફની પાંચ ટુકડીઓ સ્ટેન્ડ બાય રખાઈ છે.

રાજયમાં ભારે વરસાદ અને ઉપરવાસના સારા વરસાદના કારણે નર્મદા ડેમમાં જળસપાટી આજે ૧૧૧.૧૧ મીટરે પહોંચી ગઈ હતી. જેને પગલે આઈબીપીટી ટનલ બંધ કરાઈ હતી. ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી અતિભારે વરસાદ જારી રહ્યો છે. ગુજરાતભરમાં ચાલુ મોસમનો કુલ વરસાદ ૪૦-૭૩ ટકા રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૫૭.૨૭ ટકા વરસાદ થયો છે. એનડીઆરએફની ૨૦ ટીમો બચાવ અને રાહત કામગીરીમાં લાગી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૨૪ તાલુકાઓમાં ચાર ઈંચથી લઈને ૨૦ ઈંચ સુધીનો વરસાદ ખાબકી ગયો છે.